
## વિયર કમ કોઝવે ભયજનક સપાટી નજીક પહોંચી જતાં બંધ કરાયો



■ સુરત જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદને કારણે રાંદેર અને કતારગામ વિસ્તારને જોડતા વિયરકમ કોઝવેની સપાટી સાંજે 7 કલાકે 5.95 મીટર સાથે તેની ભયજનક 6 મીટરની સપાટીની નજીક પહોંચી જતાં સાવચેતીના પગલારૂપે તાકીદે કોઝવેને તમામ પ્રકારના વાહનવ્યવહાર અને અવરજવર માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો. ચાલુ ચોમાસાની સીઝનની શરૂઆતમાં જ કોઝવે બંધ થતાં કતારગામ અને રાંદેરના સ્થાનિક વાહનચાલકોએ વૈકલ્પિક રૂટ લેવો પડશે. (તસવીર : સતીષ જાદવ)

# વરાછા-સરથાણામાં બે કલાકમાં બે ઈંચ વરસાદ

**આખો** દિવસ ભારે મેઘાડંબર વચ્ચે ધીમી ધારે પરંતુ સાંજે 4 થી 6 વચ્ચે જોરદાર બેટીંગ કરી

સુરત : સુરત અને સુરત જિલ્લામાં પડી રહેલા વરસાદના કારણે ખાડીઓની જળસપાટીમાં છેલ્લા 24 કલાક દરમિયાન અંદાજે એક મીટરનો વધારો નોંધાયો છે. આજે દિવસ ભર ભારે વાદળછાયા વાતાવરણ વચ્ચે ધીમી ધારે વરસાદ રહયો પરંતુ સાંજે 4 વાગ્યાથી 6 વાગ્યા દરમિયાન જોરદાર બેટીંગ સાથે વરાછા-સરથાણાં બે કલાકમાં બે ઈંચ જ્યારે અન્ય વિસ્તારોમાં સરેરાસ 1 થી દોઢ ઈંચ પાણી વરસ્યું હતું. ગૂરૂવારની રાત્રે સામાન્ય વરસાદ બાદ સવારથી શરૂ થયેલી મેઘરાજાની સવારી દરમિયાન છેલ્લા 12 કલાકમાં સુરત શહેરના લગભગ તમામ વિસ્તારોમાં બેથી અઢી ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વરાછા અને સરથાણા વિસ્તારમાં પડેલા ભારે ઝાપટાંના કારણે કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાની ફરિયાદો પણ સામે આવી હતી. જોકે સુરત મહાનગરપાલિકાની ટીમોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગટરના ઢાંકણા ખોલી પાણીના ઝડપી નિકાલની કામગીરી હાથ ધરી હતી, જેના કારણે થોડા જ સમયમાં સ્થિતિ સામાન્ય બની હતી. હવામાનમાં ઠંડક પ્રસરી જતાં શહેરના બગીચા, જાહેર માર્ગો અને નદી કિનારે લોકો ચોમાસાની મજા માણતા જોવા મળ્યા હતા. બીજી તરફ સતત વરસાદને પગલે નાગરિકોને નીચાણવાળા વિસ્તારોમાં સાવચેતી રાખવા તેમજ જરૂરી હોય ત્યારે જ બહાર નીકળવાની સલાહ આપવામાં આવી રહી છે. જો આગામી દિવસોમાં પણ વરસાદનું આ જોર યથાવત રહેશે તો શહેરના જળાશયો અને ખાડીઓમાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા છે.

### 15 જગ્યાએ વૃક્ષો તૂટી પડ્યાં

શહેરમાં ભારે પવન સાથે પડી રહેલા વરસાદના કારણે અલગ અલગ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવા પામ્યા હતા. મોડીરાતથી શુક્રવારે સાંજ સુધીમાં શહેરમાં ૧૫થી વધુ ઝાડ પડવાના બનાવો સુરત ફાયરબ્રિગ્રેડ કંટ્રોલ રૂમમાં નોંધાયા હતા. જેના કારણે ફાયરબ્રિગ્રેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી ઝાડનું કટિંગ કરી રસ્તાઓ ખુલ્લા કર્યા હતા. જોકે સંદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી.ફાયર વિભાગ પાસેથી મળેલી માહિતી મુજબ વરાછા એલ.એચ. રોડ પર મારુતિ ગૌશાળા નજીક, એ.કે. રોડ પર અંકુર ચાર રસ્તા, છાપરાભાઠા આદર્શનગર, પુણાગામ સ્થિત અર્ચના સ્કૂલ પાસે, ઉધના-મગદલ્લા રોડ પર નવજીવન સર્કલ નજીક, છાપરાભાઠા જૂના કોસાડ રોડ, રામપુરાની લાલમિયા મસ્જિદ પાસે, અડાજણના હની પાર્ક વિસ્તારમાં તેમજ સુમુલ ડેરીની પાર્સલ ઓફિસ નજીક સહિતના વિસ્તારોમાં વૃક્ષો ધરાશાય થયાં હતાં.

### આ વિસ્તારોમાં પાણી ભરાયા

• વરાછા - યોગીચોક • સરથાણા જકાતનાકા આસપાસ • સીમાડા ગામ રોડ • પુણા ગામ, અર્ચના સ્કુલ પાસે • વરાછા અને સબરસ ગરનાળા પાસે • વેડ દરવાજા, ડભોલી ચાર રસ્તા નજીક • પરવટ પાટિયા વિસ્તાર • ગોડાદરા રોડના કેટલાક ભાગો • ઉધના દરવાજા આસપાસ • ભેસ્તાન વિસ્તારના નીચાણવાળા માર્ગો • નવાગામ-ડિંડોલીના કેટલાક આંતરિક રસ્તાઓ • પાલનપુર પાટિયા નજીક સર્વિસ રોડ

| ખાડી | હાલ લેવલ | ભયજનક સપાટી (મીટર) |
|---|---|---|
| કાંકરા | 5.00(યથાવત) | 8.48 |
| ભેદવાડ | 6.50(કાલે-5.50) | 7.20 5.50 |
| મીઠી | 6.80(કાલે 6.50) | 9.35 6.50 |
| ભાઠેના | 6.40(કાલે5.50) | 8.25 5.50 |
| સીમાડા | 3.10 (કાલે 2.40) | 4.50 2.40 |

### સાંજે ચારથી છ દરમિયાન પડેલો વરસાદ

| | |
|---|---|
| સેન્ટ્રલઝોન | 23મીમી |
| રાંદેર | 30મીમી |
| કતારગામ | 32મીમી |
| વરાછા-એ | 45મીમી |
| વરાછા બી | 51મીમી |
| લિંબાયત | 34મીમી |
| અઠવા | 18મીમી |
| ઉધના | 25મીમી |

### સવારે 6થી સાંજે 8 વાગ્યા સુધીમાં

| ઝોન | વરસાદ (મીમી) |
|---|---|
| સેન્ટ્રલ | 36 |
| રાંદેર | 40 |
| કતારગામ | 45 |
| વરાછા એ | 59 |
| વરાછા બી | 67 |
| લીંબાયત | 47 |
| અઠવા | 27 |
| ઉધના | 37 |

## ખરાબ હવામાનને લીધે ઈન્ડિગોની દીવ-સુરત ફ્લાઈટ રદ

સુરતઃ રાજ્યમાં પડી રહેલા ભારે વરસાદ અને પ્રતિકૂળ હવામાનની અસર હવે હવાઈ સેવાઓ પર પણ જોવા મળી રહી છે. ખરાબ હવામાનને કારણે ઈન્ડિગોની દીવ-સુરત-દીવ ફ્લાઈટ શુક્રવારે રદ કરવામાં આવતા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ફ્લાઈટ રદ થતાં દીવથી સુરત આવવા નીકળેલા મુસાફરો તેમજ સુરતથી દીવ જવાનું આયોજન કરનારા પ્રવાસીઓ એરપોર્ટ પર જ અટવાઈ ગયા હતા. ફ્લાઈટ અચાનક રદ થતાં મુસાફરોને તેમની મુસાફરી ફરી ગોઠવવાની ફરજ પડી હતી, જ્યારે કેટલાક મુસાફરોને અન્ય તારીખે બુકિંગ કરાવવું પડ્યું હતું. એરલાઈન દ્વારા હવામાન સામાન્ય થયા બાદ જ સેવા પુનઃ શરૂ કરવામાં આવશે તેવી માહિતી આપવામાં આવી હતી.

## વીજ કંપનીના ટાવર માટે ખેડૂતને જંત્રીને બદલે બજારભાવ મળશે

**ખેડૂતોને** જમીન સંપાદન કાયદાની જેમ ચારગણું વળતર ચૂકવવા જયેશભાઈ પટેલની માંગ

સુરત : રાજ્ય સરકારે વીજ ટ્રાન્સમિશન ટાવર અને હાઈટેન્શન ટ્રાન્સમિશન લાઈન માટે જમીન વળતરના નિયમોમાં મહત્વપૂર્ણ ફેરફાર કરતાં હવે જંત્રીના બદલે વર્તમાન બજારભાવના આધારે વળતર ચૂકવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને સુરત સહિત દક્ષિણ ગુજરાતના ખેડૂતોની વર્ષોથી ચાલી રહેલી લડતની મહત્વપૂર્ણ સફળતા તરીકે જોવામાં આવી રહ્યો છે. સુરત જિલ્લાના સહકારી અને ખેડૂત આગેવાન જયેશભાઈ એન. પટેલ (દેલાડ)એ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે વળતરમાં વધારો કરવાનો નિર્ણય કર્યો તે આવકારદાયક છે, પરંતુ ખેડૂતોને હજુ પણ 2011ની જંત્રીના આધારે વળતર ચૂકવવામાં આવી રહ્યું છે, જે હાલના બજારભાવની સરખામણીએ અત્યંત ઓછું છે. વર્ષ 2026ના બજાર મૂલ્યને ધ્યાનમાં રાખીને જમીન સંપાદન કાયદાની જોગવાઈ મુજબ બજારભાવના ચાર ગણું વળતર ચૂકવવું જોઈએ. તેમણે યાદ અપાવ્યું કે સુરતના પૂર્વ કલેક્ટર સૌરભ પારધીએ માંગરોળ તાલુકાના વેલછા ગામના ખેડૂતને ચાર ગણી જંત્રીના આધારે રૂ. 1.38 કરોડનું વળતર ચૂકવ્યું હતું. તે જ ધોરણ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં અમલમાં મૂકવું જોઈએ.

નવી નીતિ મુજબ જમીનનું મૂલ્યાંકન કરવા માટે માર્કેટ રેટ કમિટી (એમઆરસી)ની રચના કરવામાં આવશે.

## વેસુના ઈન્ફિનિટી ટાવરના નવમા માળે ગેલેરીમાં યુવતી ફસાઈ

**એક** કલાકથી ફસાયેલી યુવતીને ફાયરની ટીમે દસ જ મિનિટમાં બહાર કાઢી હતી



સુરતઃ શહેરના વેસુ કેનાલ રોડ પર આવેલા ઈન્ફિનિટી ટાવરના નવમા માળે મોડી રાત્રે યુવતી ગેલેરીમાં ફસાઈ ગઈ હતી. ગેલેરીમાં સ્લાઈડિંગ વાળો દરવાજો નહીં ખૂલવાને કારણે યુવતી બહાર નીકળી શકતી ન હતી. બીજી બાજુ માતા પિતા દરવાજો ખોલવાના પ્રયત્નો કરતા હતા. છતાં દરવાજો નહીં ખૂલતાં તેઓ બહુ જ ચિંતામાં મુકાયા હતા. જ્યારે યુવતી પણ ગભરાઈ ગઈ હતી. આખરે ઘટના અંગે ફાયર કંટ્રોલમાં જાણ કરવામાં આવતાં ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી અને રેસ્ક્યુની કામગીરી હાથ ધરીને યુવતીને ગેલેરીમાંથી સુરક્ષિત બહાર લાવવામાં આવી હતી.

ફાયર વિભાગનાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ-કેનાલ રોડ પર આવેલા ઈન્ફિનિટીની ટાવરના નવમા માળના ફ્લેટમાં રહેતી 20 વર્ષીય લારા મિશ્રા મોડી રાત્રે લગભગ 2 વાગ્યે બાલ્કનીમાં ફસાઈ ગઈ હતી. જ્યારે પરિસ્થિતિ એવી હતી કે તેના બેડરૂમનો મુખ્ય દરવાજો પણ અંદરથી બંધ હતો અને બાલ્કનીનો દરવાજો નહીં ખૂલતાં યુવતી ત્યાં જ ફસાઈ ગઈ હતી. જ્યારે માતાપિતા દરવાજો ખોલવાની કોશિશમાં લાગેલા હતા. એક કલાક સુધી સતત તેઓ દરવાજો ખોલવાના પ્રયત્નો કરતા રહ્યા, પરંતુ સફળતા નહીં મળતાં તેઓ બહુ જ પરેશાન થયા હતા. આખરે ફાયરને જાણ કરવામાં આવી હતી. વેસુ ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને એક કલાકથી ગેલેરીમાં ફસાયેલી યુવતીને દસ જ મિનિટમાં બેડરૂમનો મુખ્ય દરવાજો ખોલ્યા બાદ ગેલેરીનો સ્લાઈડિંગ વાળો દરવાજો ખોલી હેમખેમ બહાર કાઢવામાં આવી હતી. પુત્રીને સુરક્ષિત જોઈ માતા-પિતાએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ૫૦૦ રૂપિયા આપીને જેલમાં કેદી સાથે સીધી મુલાકાત

**લાજપોર** જેલના મુલાકાતીના રૂમમાંથી જ લાંચિયાની ધરપકડ કરતી ACB

**અગાઉ** પણ જેલના નામે ખેલ કરતાં ઝડપાઇ ચૂક્યો છે

સુરતઃ લાજપોર કેદીને મળવા જતા મુલાકાતીઓ પાસેથી ફોર્મ ભર્યા વગર જ મુલાકાત કરાવી આપવાના બહાને ચાલતા લાંચના ખેલનો ACBએ પર્દાફાશ કર્યો છે. સુરત ગ્રામ્ય એસીબીની ટીમે છટકું ગોઠવી લાજપોર જેલના મુલાકાતી રૂમમાં જ એક ખાનગી વ્યક્તિને રૂ. ૫૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે.

આ કેસની વિગતો મુજબ, એસીબીને એક પાક્કી બાતમી મળી હતી કે લાજપોર મધ્યસ્થ જેલ ખાતે કેદીઓની મુલાકાત માટે આવતા લોકો પાસેથી ઓફિશિયલ નોંધણી કે મુલાકાતી ફોર્મ ભર્યા વગર જ મુલાકાત કરાવી આપવાના અવેજ પેટે કેટલાક તત્વો રૂ. ૫૦૦ થી રૂ. ૧૦૦૦ સુધીની લાંચ સ્વીકારે છે. જેના આધારે છટકું ગોઠવીને લાજપોર જેલના મુલાકાતી રૂમમાં હાજર આરોપી પ્રતિક કૈલાશ સસાને (ઉ.વ. ૩૫, રહે. કેશવનગર, ભેસ્તાન, સુરત) નામના શખ્સે ડી રૂ. ૫૦૦ની લાંચ સ્વીકારતા જ ટાંપીને બેઠેલી એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. આ ઘટનાને પગલે જેલ પરિસરમાં લાંચિયા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પકડાયેલા ઈસમ અગાઉ એક વર્ષ પહેલા લાજપોર જેલ ખાતે એસીબીના છટકામાં પકડાઈ ચૂક્યો છે.જેલ માંથી છૂટ્યા બેડ ફરી તે પકડાતાં જેલ પ્રશાસન પર શંકા ઉપજી છે.

### BRTS ડ્રાઈવરની ઘોર બેદરકારી

## બસના દરવાજામાં પગ ફસાતાં આધેડ રોડ પર ઘસડાયા, પગ કાપવો પડયો

**અમેઝિયા** વોટર પાર્ક જંક્શન પાસે કાળજું કંપાવનારી ઘટના


સુરતઃ સુરત શહેરમાં દોડતી પબ્લિક ટ્રાન્સપોર્ટ અને ખાસ કરીને BRTS બસના ચાલકોની બેદરકારી દિનપ્રતિદિન નિર્દોષ નાગરિકો માટે જીવલેણ સાબિત થઈ રહી છે. કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને સિલાઈકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૫૬ વર્ષીય આધેડને BRTS બસના ડ્રાઈવરની બેદરકારીના કારણે અકસ્માત થયો છે. બસમાં ચડતી વખતે ડ્રાઈવરે અચાનક દરવાજો બંધ કરી દેતાં આધેડનો પગ ફસાઈ ગયો હતો અને બસ સ્પીડમાં આગળ વધી જતાં તેઓ રોડ પર ઘસડાયા હતા.

આ ગંભીર અકસ્માતમાં આધેડના ડાબા પગના ઘૂંટણ નીચેના હાડકાનો ફૂચો બોલી ગયો હતો. જેના કારણે આખરે ડોક્ટરોને તેમનો પગ કાપવાની ફરજ પડી છે. કાપોદ્રાની જનતા સોસાયટીમાં રહેતા અને પુણાગામ ખાતે કુર્તીના ખાતામાં સિલાઈકામ કરતા નરેશભાઈ માવજીભાઈ ગોહિલ (ઉ.વ.૫૬) ગત તા.૨૬/૬/૨૦૨૬ના રોજ સવારે તબિયત ખરાબ હોવાથી સ્મીમેર હોસ્પિટલ ગયા હતા. ત્યાંથી પરત ફરતી વખતે તેઓ BRTS બસમાં બેસી કેનાલ રોડ પર આવેલા અમેઝિયા વોટર પાર્ક બસ જંક્શન પાસે ઊતર્યા હતા. ત્યાંથી રચના સર્કલ તરફ જવા માટે તેઓ સવારના આશરે નવેક વાગ્યે રૂટ નં.૧૩ની બસમાં ચડવા જઈ રહ્યા હતા. અન્ય રાહદારીઓની પાછળ જ્યારે નરેશભાઈએ બસમાં પોતાનો ડાબો પગ મૂક્યો, ત્યારે જ બસના ચાલકે આજુબાજુ જોયા વગર જ અચાનક હાઈડ્રોલિક દરવાજો બંધ કરી દીધો હતો. દરવાજો બંધ થતાં જ નરેશભાઈનો પગ વચ્ચે ફસાઈ ગયો હતો અને બેદરકાર ડ્રાઈવરે બસ આગળ હંકારી મૂકી હતી. નરેશભાઈ બસ સાથે રોડ પર ઘસડાવા લાગતાં ત્યાં હાજર અન્ય મુસાફરો અને રાહદારીઓએ ભારે બૂમાબૂમ કરી મૂકી હતી. લોકોના આક્રોશ બાદ ડ્રાઈવરે બસ ઊભી રાખી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે અસહ્ય દુખાવાના કારણે નરેશભાઈ ઘટના સ્થળે જ બેભાન થઈ ગયા હતા.

સ્થાનિક લોકોએ તાત્કાલિક તેમના મોં પર પાણી છાંટી ભાનમાં લાવી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં પ્રાથમિક તપાસ અને એક્સ-રે રિપોર્ટ બાદ ડોક્ટરોએ જણાવ્યું કે, અકસ્માતમાં તેમના ઘૂંટણથી નીચેના ભાગના હાડકાનો સંપૂર્ણ ભૂકો થઈ ગયો છે અને ચેપ ન ફેલાય તે માટે પગ કાપવો અનિવાર્ય છે. ત્યારબાદ પરિવારજનો તેમને વધુ સારવાર માટે તાત્કાલિક મહાવીર હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં ડોક્ટરોની ટીમે ઓપરેશન કરી તેમનો ડાબો પગ ઘૂંટણ નીચેથી કાપી નાંખ્યો હતો. પીડિત નરેશભાઈએ ભાનમાં આવ્યા બાદ આ સમગ્ર મામલે સુરત મહાનગરપાલિકા સંચાલિત BRTS બસના રજિસ્ટ્રેશન નં.(GJ-05-CU-2220)ના ચાલક સુરેશ એકનાથ બોરસે વિરુદ્ધ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

## પૂરક પરીક્ષામાં ધો. ૧૦નું 33.05% પરિણામ

**12 કોમર્સમાં** 60.86% અને સાયન્સમાં 27.36% ઉમેદવાર પાસ થયા



સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB) દ્વારા જૂન-2026માં લેવાયેલી ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય તથા વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાનું પરિણામ ગુરુવારે જાહેર કરવામાં આવ્યું હતું.

સાથે જ ફેબ્રુઆરી-માર્ચ 2026ની પરીક્ષામાં પાસ થયેલા અને 'બેસ્ટ ઓફ ટુ' યોજનાનો લાભ લેવા માટે પુનઃ પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું છે.

ધોરણ-10ની પૂરક પરીક્ષામાં કુલ 1,21,439 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હતી, જેમાંથી 93,321 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યનું કુલ પરિણામ 33.05 ટકા નોંધાયું છે. કન્યાઓનું પરિણામ 39.26 ટકા જ્યારે કુમારોનું પરિણામ 29.86 ટકા રહ્યું હતું. ઉપરાંત, 126 દિવ્યાંગ ઉમેદવારોને 20 ટકા પાસિંગ ધોરણનો વિશેષ લાભ આપવામાં આવ્યો હતો.

ધોરણ-12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષામાં કુલ 40,233 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી 33,944 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. રાજ્યનું કુલ પરિણામ 60.86 ટકા જાહેર થયું છે. કન્યાઓએ 66.41 ટકા પરિણામ સાથે કુમારો 58.22 ટકા કરતાં વધુ સફળતા નોંધાવી છે.

ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષામાં કુલ 18,549 વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જ્યારે 16,120 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રવાહનું રાજ્યવ્યાપી પરિણામ 27.36 ટકા નોંધાયું છે.

## મૃતકની ખોટી સહી કરી રેલવે ટિકિટ કન્ફર્મ કરાવવાનું કૌભાંડ

**ડિંડોલીના** અખબાર માલિકના અવસાન બાદ તેના નામે નકલી લેટરપેડ અને સિક્કા બનાવ્યા

**રેલવેની** એ.આર.ઓ. ઓફિસમાં VIP કોટાનો લાભ લેવા ખેલ ખેલનાર સામે ગુનો નોંધાયો

સુરતઃ સુરત રેલવે સ્ટેશનની એ.આર.ઓ.ઓફિસમાં સેન્ટ્રલ રેલવેના VIP કોટાનો દુરુપયોગ કરવાના રેકેટ તરીકે બહાર આવ્યું છે. સુરતમાં દૈનિક અખબાર ચલાવતા એક તંત્રીના હાર્ટ એટેકથી અવસાન બાદ, તેમના જ પરમ મિત્રએ તેમના નામે નકલી લેટરપેડ અને રબ્બર સ્ટેમ્પ (સિક્કા) બનાવી દીધા હતા. આ નકલી દસ્તાવેજોના આધારે મૃતકની ખોટી સહીઓ કરી રેલવેમાં VIP કોટા હેઠળ કન્ફર્મ ટિકિટો મેળવવાનો ગોરખધંધો ચાલતો હતો. મસમોટું કારસ્તાન આચરવામાં આવ્યું હતું. સમગ્ર મામલે ઉધનાના પ્રેસ સંચાલક સામે છેતરપિંડીનો ગુનો નોંધાયો છે.

ડિંડોલીની રામીપાર્ક સોસાયટીમાં રહેતા અને ખટોદરા ખાતે 'યશ ટ્રેડિંગ' નામે પ્રિન્ટિંગનું જોબવર્ક કરતા રાધેશ્યામ રઘુવીરસિંહ યાદવ (ઉ.વ. ૫૦) એ આ મામલે સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. તેમના સાળા રોહતાસ બલવાનસિંહ યાદવ વર્ષ ૨૦૧૮ થી ડિંડોલીથી કેવલ કોમ્પ્લેક્સ ખાતેથી 'સંપ્રભુતા ટાઈમ્સ' નામનું રજિસ્ટર્ડ ગુજરાતી દૈનિક પેપર ચલાવતા હતા. ઉધના રોડ નંબર-૨ પર અક્ષર શોપિંગ સેન્ટરમાં પ્રેસની ઓફિસ ચલાવતા સત્યપ્રકાશ શિવકુમાર વર્મા સાથે તેમની ગાઢ મિત્રતા હતી અને તેઓ અવારનવાર એકબીજાની ઓફિસે બેસતા હતા. ગત તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ રોહતાસભાઈનું હાર્ટ એટેકના કારણે અકાળે અવસાન થયું હતું. સાળાના અવસાન બાદ મિત્ર સત્યપ્રકાશે સાંત્વના આપવાના બદલે આ તકનો ખોટો લાભ ઉઠાવવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું. આ છેતરપિંડીનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે ગત તા. ૧૯/૦૫/૨૦૨૬ના રોજ ફરિયાદી રાધેશ્યામભાઈ પર તેમના એક પરિચિત રાકેશ તિવારીનો ફોન આવ્યો હતો. રાકેશે ચોંકાવનારી બાતમી આપી કે સત્યપ્રકાશ વર્માએ તેમની ઓફિસે મૃતક રોહતાસના રજિસ્ટર્ડ પેપર 'સંપ્રભુતા ટાઈમ્સ' ના નામે નકલી લેટરપેડ છાપી કાઢ્યા છે અને તેના પર સિક્કા મારી રોહતાસની ખોટી સહીઓ કરી રહ્યા છે.

હકીકત જાણવા માટે ફરિયાદી રાધેશ્યામભાઈ, રાકેશ તિવારી અને અન્ય એક સાક્ષી રણધીર સિંહને સાથે રાખી તાત્કાલિક સુરત રેલવે સ્ટેશન ખાતે આવેલી એ.આર.ઓ. ઓફિસે તપાસ કરવા પહોંચ્યા હતા. ત્યાં સત્તાવાર દસ્તાવેજોની ચકાસણી કરતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. સત્યપ્રકાશ વર્માએ રેલવેમાં VIP કોટા દ્વારા ટિકિટ કન્ફર્મ કરાવવા માટે જ આ નકલી લેટરપેડ રજૂ કર્યા હોવાનું સાબિત થયું હતું.

### 'ગુજરાતમિત્ર'માં અહેવાલ છપાતા જ તંત્ર દોડતું થઈ ગયું

## ડિંડોલીમાં રાતોરાત રસ્તો બની ગયો!

**ચોમાસા** બાદ રોડ, પાણીની લાઇન અને કાયમી રસ્તાનું આયોજન કરવા મનપાની ખાતરી





સ્માર્ટ સિટીનો કીચડપથ, શાળાનાં બાળકોને ખભા પર બેસાડવા પડે છે

ડિંડોલી શિવકૃપા નગરમાં 20 દિવસથી રોડનું પુરાણ નહીં થતાં 1,000થી વધુ રહીશો ત્રાહિમામ

બહારના રસ્તાઓ પર ભૂવા અને આંતરિક રસ્તાઓમાં લોલમલોલ

તા. 03-07-2026ના રોજ છપાયેલ અહેવાલ

સુરત : લિંબાયત ઝોનના ડિંડોલી વિસ્તારની શિવકૃપા સોસાયટીમાં આશરે 20 દિવસ અગાઉ ડ્રેનેજ લાઈન નાખવા માટે રસ્તા ખોદવામાં આવ્યા હતા. જોકે, કામગીરી પૂર્ણ થયા બાદ રસ્તાનું યોગ્ય સમારકામ કરવામાં આવ્યું નહોતું. ત્યારબાદ પડેલા વરસાદથી સમગ્ર વિસ્તાર કાદવમાં ફેરવાઈ ગયો હતો. એક હજારથી વધુ પરિવારોને રોજબરોજ અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. શાળાએ જતા વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધો અને વાહનચાલકો માટે રસ્તા જોખમી બની ગયા હતા. આ ગંભીર સમસ્યાને 'ગુજરાતમિત્ર'એ ઉજાગર કરતાં પાલિકાના અધિકારીઓ દોડતા થયા હતા. તાત્કાલિક ધોરણે સોસાયટીમાં GSB મટીરીયલ અને કપચી પાથરી રસ્તા સમતળ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેથી ચોમાસા દરમિયાન રહીશોને કાદવમાંથી રાહત મળી શકે.